
આજે વિશ્વ યોગ દિવસ
દિવ્ય ભાસ્કર
કુલ પાનાં : 28 (નવરંગ)
કિંમત ₹ 5.00, વર્ષ 22, અંક 30, મહાનગર
divyabhaskar.com અમદાવાદ, શુક્રવાર, 21 જૂન, 2024 ગુજરાત જેઠ સુદ - 14 વિક્રમ સંવત 2080
12 રાજ્ય | 61 સંસ્કરણ




દિવ્ય ભાસ્કરની 21મી એનિવર્સરી પર વિશેષ

# ગુજરાતનાં નવ રત્નો, શૂન્યમાંથી સર્જન કરી વૈશ્વિક પગદંડો જમાવ્યો

સમૃદ્ધિમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે તેમ કહેવું ખોટું નથી. સુખ, સમૃદ્ધિ અને શાંતિના ત્રિવેણી સંગમથી ગુજરાતના ખમીરવંતા ઉદ્યોગકારો, હેલ્થકેર નિષ્ણાતો અને શિક્ષણવિદોએ વૈશ્વિક પગદંડો જમાવ્યો છે. હોસ્પિટાલિટીથી હોસ્પિટલ, ફાર્મ ટુ ફાર્મા, સેમિકંડક્ટરથી સર્વિસ, ફાઈનાન્સથી ફેશન અને મેન્યુફેક્ચરિંગથી નિકાસ ક્ષેત્રમાં બિઝનેસ માટે વૈશ્વિક સ્તરે ગુજરાતના ઉદ્યોગકારો, હેલ્થકેર નિષ્ણાતો અને શિક્ષણવિદો 'રોલમોડલ' બનીને ઉભરી આવ્યા છે એટલું જ નહિં આ નવ રત્નોએ શૂન્યમાંથી સર્જન કરી વૈશ્વિક સ્તરે પગદંડો જમાવ્યો છે.



■ **ડૉ. અનુજા દેસાઇ**
એક્ઝિક્યુટિવ ડિરેક્ટર-હેડ, ઓપ્થોલ્મોલોજી-કેડી હોસ્પિટલ

માનવ જીવનમાં જેટલું હ્રદયનું મહત્વ છે તેટલું જ મહત્વ આંખને આપવું જરૂરી બન્યું છે. આંખના નંબર આવવાએ કોઇ ગંભીર રોગ નથી પરંતુ સમયસર તપાસ જરૂરી છે. ગુજરાતમાં એકમાત્ર કે.ડી. હોસ્પિટલમાં ઓપ્થોલ્મોલોજી વિભાગે સ્માઇલ પ્રો જર્મન ટેક્નોલોજીને અપનાવી જે દેશમાં માત્ર 14 જગ્યાઓ પર જ ઉપલબ્ધ છે અને આ ટેક્નોલોજી દ્વારા માત્ર 10 સેકન્ડમાં જ આંખના નંબરને દૂર કરી શકાય છે અને બીજા દિવસથી રૂટીન કાર્ય પણ શરૂ કરી શકાય છે.




■ **ભરતભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ**
ફાઉન્ડર, રિયલ પ્લાસ્ટ

પર્યાવરણને નુકસાન થતું અટકાવવાના ઉમદા હેતુ સાથે UPVC ફર્નિચરને મોટા પાયે બનાવી દેશભરમાં પહોંચતું કર્યું. ભારત સહિત અન્ય દેશોમાં 8 લાખથી વધુ ઘરોમાં તેમજ 1 લાખથી વધુ ઓફિસમાં રિયલપ્લાસ્ટનું UPVC ફર્નિચર ઉપયોગમાં છે. સરકારના ગ્રીન કેટેગરી હેઠળ 2007થી ઉત્પાદન શરૂ કરી પોલ્યુશન ફ્રી અને પર્યાવરણને નહિવત નુકસાન સાથે દેશને ફર્નિચર ક્ષેત્રે નવો અભિગમ આપ્યો. 23 રાજ્યોમાં ઉપસ્થિતી સાથે દસ હજારથી વધુ રોજગારી પૂરી પાડી છે.



■ **ડૉ. ડિમ્પલ પારેખ**
MS, ઓર્થોપેડિક્સ, માનદ પીએચડી, પારેખ્સ હોસ્પિટલ

દેશમાં ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જરી ક્ષેત્રે રોબોટિક્સ ટેક્નોલોજીનો પાયો નાખનાર ડૉ. ડીમ્પલ પારેખે અત્યાર સુધીમાં 45 હજારથી વધુ ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જરી કરી છે અને એસવીપી સંસ્થામાં કન્સલ્ટન્ટ ઓનરરી તરીકે પણ કાર્યરત છે. તેમની પારેખ હોસ્પિટલમાં દર્દીને તમામ સુવિધા મળી રહે છે. તેમણે રોબોટિક્સ ટેક્નોલોજી દ્વારા સર્જરીની એવી ટેકનિક અપનાવી છે. 52 વર્ષની ઉંમરે પણ તેઓ આજે રોજની અવરેજ 8થી 10 સફળ સર્જરી કરી દર્દીઓને બેઠાં કરે છે.



■ **ડૉ. કૈલાશ ગોએન્કા**
ચેરમેન-એમડી સંકલ્પ ગ્રૂપ

વિશ્વમાં રેસ્ટોરન્ટ સેગમેન્ટમાં સંકલ્પ ગ્રૂપે એક આગવી ઈમેજ પ્રસ્થાપિત કરી છે. ચાર દાયકા પૂર્વે એટલે કે વર્ષ 1980માં અમદાવાદમાં તેની પ્રથમ રેસ્ટોરન્ટ સાથે શરૂ થઈ હતી અને મોટાભાગના રાજ્યોમાં ઉપસ્થિતી ઉપરાંત વિશ્વના 10 દેશોમાં ઉપસ્થિતી ધરાવે છે. બજારના બદલાતા વલણો સાથે 1999-2001માં વધુ બે બ્રાન્ડ્સ 'સેમ્સ પિઝા' અને 'સેફ્રોન'ની રજૂઆત કરવા સાથે ગ્રૂપ વિશ્વભરમાં 250થી વધુ રેસ્ટોરન્ટ ધરાવે છે.હોસ્પિટાલિટી સેગમેન્ટમાં પણ આગવું નામ મેળવ્યું છે જેમાં રમાડા અને તાજ સામેલ છે.



■ **ડૉ.મનીષ ખૈતાન**
સિનિયર બેરિયાટ્રિક એન્ડ મેટાબોલિક સર્જન

ડૉ.ખૈતાન દ્વારા થતી બેરિયાટ્રિક સર્જરીના સારા પરિણામથી આખા ભારતમાંથી લોકો અમદાવાદ બેરિયાટ્રિક સર્જરી કરાવવા આવી રહ્યા છે. ડૉ.ખૈતાનના માર્ગદર્શનથી આ ક્ષેત્રમાં નોબેસિટી બેરિયાટ્રિક સર્જરી સેન્ટર ભારતભરમાં દર મહિને સૌથી વધારે બેરિયાટ્રિક સર્જરી કરીને ભારતના પ્રમુખ બેરિયાટ્રિક સેન્ટરમાંનું એક બની ગયેલ છે. આજે મેદસ્વિતા એક રોગ તરીકેની ઊંડી સમજ સાથે તેમણે 8000થી પણ વધારે સફળ બેરિયાટ્રિક સર્જરીઓ કરેલ છે.



■ **ડૉ. નાગેશ ભંડારી**
પ્રેસિડેન્શિયલ સેક્રેટરિએટ, ઇન્ડસ યુનિવર્સિટી

ડૉ. નાગેશ ભંડારી , તેમણે ચિકિત્સા ક્ષેત્રમાં એક વિખ્યાત ડૉક્ટર અને સ્પાઇન સર્જન તરીકે અમીટ યોગદાન આપ્યું છે. આરોગ્યક્ષેત્રમાં તેમની અવિરત પ્રતિબદ્ધતા અને નવીન દ્રષ્ટિએ પરંપરાગત અને આધુનિક તબીબી પ્રથાઓ પર ઊંડો પ્રભાવ પાડ્યો છે. ઈન્ડસ યુનિ.માં દીર્ઘ દ્રષ્ટિ સનાતન ધર્મ-પરંપરાગત ભારતીય જ્ઞાન પ્રણાલીઓ સાથે આધુનિક નવીનતાઓને એકીકૃત કરે છે, અભ્યાસક્રમને સમૃદ્ધ બનાવે છે.



■ **પ્રકાશભાઈ શાહ**
ફાઉન્ડર-ચેરમેન – પ્રશાંત, પ્રસાદ ગ્રૂપ, પી.પી.આઇ.

એક વિઝનરી લીડર- અગ્રણી ઉદ્યોગસાહસિક પ્રકાશભાઈ શાહે 3 તદ્દન વિવિધ ક્ષેત્રોમાં એટલે કે વેક્યુમ પંપ બનાવનાર બે કંપનીઓ પી.પી.આઈ. ગ્રૂપ, અદ્યતન ટેક્સટાઈલ મશીનરી બનાવનાર ચાર કંપનીઓ પ્રશાંત ગ્રૂપ તથા સ્ટેટ ઓફ આર્ટ પ્લાસ્ટીક મશીનરી બનાવનારી સાત કંપનીઓ, એમ મળીને કુલ 13 કંપનીઓના સંસ્થાપક અને ચેરમેન તરીકે એક લેવાતું સન્માનનીય નામ છે. તેમનું ઔદ્યોગિક એકમો 90 હજાર ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલાં છે.



■ **રાજીલ જાંગિડ**
ફાઉન્ડર એન્ડ ડાયરેક્ટર, મિર્રિખ ઇન્ફ્રાટેક

માત્ર 12 વર્ષના સમયગાળામાં પરિશ્રમ અને સાહસ થકી મળતી સફળતાનું બીજું નામ છે મિર્રિખ ઈન્ફ્રાટેકના ફાઉન્ડર અને ડાયરેક્ટર રાજીલ જાંગિડ. મૂળ રાજસ્થાનના સિકરના વતની રાજીલ જાંગિડ 2008માં સુરત આવ્યા. 2016માં રાજીલ જાંગિડે મિર્રિખ ઈન્ફ્રાટેકની સ્થાપના કરી. તેઓ ભારત સહિત વિદેશના રોકાણકારોને ધોલેરા સરમાં રોકાણ કરવા માટે સતત પ્રયાસ કરતાં રહ્યાં છે. 2030 સુધીમાં તેની કંપનીની નેટવર્થ 5 હજાર કરોડ લઈ જવાનો ટાર્ગેટ છે.



■ **યતીન ગુપ્તે ,**
એમડી-ચેરમેન, વોર્ડવિઝાર્ડ ઇનોવેશન્સ-મોબિલિટી લિ.

ઈ-વ્હિકલ્સ ક્ષેત્રે અત્યાધુનિક ઈનોવેશન્સથી હરણફાળ ભરતી કંપની વોર્ડવિઝાર્ડના માલિક તરીકે યતીન ગુપ્તેની ફોર્બ્સ ઈન્ડિયાએ પણ નોંધ લીધી છે. તાજેતરમાં જ તેમણે ઈ-ટુવ્હીલર્સના 10 લાખ યુનિટ વેચાણની નોંધપાત્ર સીમાચિન્હરૂપ સિદ્ધિ મેળવી છે. તેમની કંપનીએ ઈ-વ્હિકલના ક્ષેત્રે રિસર્ચ, ડેવલપમેન્ટ સહિતની બાબતો અને એન્સિલરી ક્લસ્ટરના વિકાસ માટે રૂ.2000 કરોડના એમઓયુ ગુજરાત સરકાર સાથે કર્યાં છે.



■ **ડૉ. કૈલાશ ગોએન્કા**
ચેરમેન-એમડી સંકલ્પ ગ્રૂપ

**રેસ્ટોરન્ટ તેમજ હોસ્પિટાલિટી સેગમેન્ટમાં દેશ-વિદેશમાં વિસ્તરણની યોજના સાથે આગળ વધી રહ્યું છે. ગ્રૂપ અનેક વર્ટિકલ બિઝનેસ ધરાવે છે. વિસ્તરણના ભાગરૂપે ગ્રૂપ મૂડીબજારમાં પણ પ્રવેશ કરશે.**

## સંકલ્પ ગ્રૂપનો એક જ સંકલ્પ નવીનતા અને વૈવિધ્યકરણ દ્વારા જ સિદ્ધિ પ્રાપ્ત થાય...

કાંઈક નવું કરવાની ખેવના ધરાવતું સંકલ્પ ગ્રૂપ 1980માં રેસ્ટોરન્ટ બિઝનેસમાં પ્રવેશ કર્યો. સાઉથ ઈન્ડિયનનો ટેસ્ટ ગુજરાતથી શરૂ કર્યો અને દેશ ઉપરાંત વિશ્વના મોટાભાગના દેશોને સ્વાદની સોડમ પીરસી નામના મેળવી... ગ્રૂપ રેસ્ટોરન્ટ તેમજ હોસ્પિટાલિટી સેગમેન્ટમાં દેશ-વિદેશમાં વિસ્તરણની યોજના ઘડી રહ્યું છે. ગ્રૂપનો પહેલેથી એવો આશય રહ્યો છે કે ગ્રાહક એ ભગવાન છે. તેમની પસંદગી, ડિમાન્ડને ધ્યાનમાં રાખી બિઝનેસમાં નવીનતા અને વૈવિધ્યીકરણ સાથે આગળ વધી રહ્યાં છીએ. બદલાતા સમયને અનુરૂપ રેસ્ટોરાં બિઝનેસ ઉપરાંત વિદેશમાં રેસ્ટોરન્ટ ચેઈન શરૂ કરવી પેકેજ્ડ ફૂડના વેપારમાં પ્રવેશ કરવો એટલું જ નહિં આ ઉપરાંત હોસ્પિટાલિટી સેગમેન્ટમાં મલ્ટીનેશનલ હોટલ સાથે જોડાણ કરીને વેપારને વેગ આપવામાં આવ્યો છે. ડૉ.ગોએન્કા માને છે કે વ્યવસ્થાપનમાં ઉદ્યોગસાહસિક ભાવના લાવવાની સખત મહેનત, સ્પષ્ટ દ્રષ્ટિ અને હિંમતની વર્ષો જૂની યોગ્યતાઓનું કોઈ સ્થાન નથી. તેના માટે સફળતાના કોઈ રહસ્યો નથી. ભારતીય અર્થતંત્ર વિશ્વમાં ઝડપભેર આગળ વધી રહ્યું છે જેના કારણે લોકોની આવકમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી રહી છે. કોરોના મહામારી પછી લોકોની લાઈફસ્ટાઈલમાં પરિવર્તન જોવા મળ્યું છે જેનો ફાયદો રેસ્ટોરન્ટ અને હોસ્પિટાલિટી સેક્ટરને મળ્યો છે. આવનારો સમયગાળો પણ આ સેક્ટરમાં મજબૂત ગ્રોથ લાવશે. સંકલ્પ ગ્રૂપ આગામી સમયમાં વિસ્તરણની યોજના ઘડી રહ્યું છે. રેસ્ટોરન્ટ સેગમેન્ટમાં આગામી પાંચ વર્ષમાં 1000થી વધુ અને 10 વર્ષમાં 1500થી વધારે રેસ્ટોરન્ટ સુધી પહોંચવાનો ટાર્ગેટ ધરાવે છે. દેશભરમાં ગુજરાતની ગ્રોથ સ્ટોરી ઉડીને આંખે વળગે તેવી છે અને ગુજરાતનો ગ્રોથ સૌથી વધુ રહેશે કેમકે ગુજરાતીઓની મુખ્ય આવક ઉપરાંત ડિસ્પોઝેબલ આવક વધી છે માટે મોટાભાગના લોકો બ્રાન્ડ્સ પર પસંદગી ઉતારી રહ્યાં છે. સંકલ્પ ગ્રૂપ જે મજબૂત ગ્રોથને ધ્યાનમાં રાખી ગુજરાત ઉપરાંત દેશના અન્ય રાજ્યો અને વિદેશમાં પણ વિસ્તરણની યોજના ઘડી રહ્યું છે જેના ભાગરૂપે કંપની આગામી સમયમાં મૂડી બજારમાં પ્રવેશ કરશે. ગ્રૂપ 10-15 ટકા ઈક્વિટીની ફાળવણી કરવા સાથે સરેરાશ ત્રણ હજાર કરોડથી વધુનો આઈપીઓ લાવવાની વિચારણા કરી રહ્યું છે. સંકલ્પની પદચિહ્ન ભારત બહાર યુએસએ, કેનેડા, યુકે, યુએઈ, થાઈલેન્ડ, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં વિસ્તરેલી છે. સંકલ્પ ગ્રૂપ વિશ્વભરમાં 250 થી વધુ રેસ્ટોરન્ટ ધરાવે છે.



■ **ડૉ.મનીષ ખૈતાન**
સિનિયર બેરિયાટ્રિક એન્ડ મેટાબોલિક સર્જન

**વિશ્વના બેસ્ટ બેરિયાટ્રિક સર્જન તરીકે સ્થાપિત USA ના ડૉ. કેલ્વિન હીગા હેઠળ ડૉ. મનીષ ખૈતાન જન જાગૃતિના નિશ્ચય સાથે આગળ વધી રહ્યા છે.**

ડૉ.મનીષ ખૈતાનના અભિગમ દ્વારા અનેક લોકો સર્જરી માટે અમદાવાદ આવે છે

## વજન ઘટાડાની સર્જરીમાં પરિણામલક્ષી બેન્ચમાર્ક સેટ કરી નોબેસિટીથી લોકોમાં નવજીવનનો સંચાર કર્યો

વર્ષ 2007થી કાર્યરત ડૉ.મનીષ 8000 થી પણ વધુ સફળ બેરિયાટ્રિક સર્જરી કરી ચૂક્યા છે. તેમના દ્વારા સ્થાપિત નોબેસિટી બેરિયાટ્રિક સર્જરી સેન્ટરના પરિણામ લક્ષી અભિગમની અસર ગુજરાતની બહાર દૂર સુધી પહોંચેલ છે. રાજસ્થાન,બિહાર,પ.બંગાળ,મહારાષ્ટ્ર, તેલંગાણા,કર્ણાટક રાજ્યો સહિત સમગ્ર ભારતમાંથી દર્દીઓ બેરિયાટ્રિક સર્જરી કરાવવા અમદાવાદ તરફ આકર્ષાયા છે. ઓબેસિટી એક રોગ છે અને તેના પર જીવનભર ધ્યાન આપવું જરૂરી છે આ વિચારને લઈને ડૉ.ખૈતાને નોબેસિટીમાં સર્જરી કરાવનાર દર્દીને જીવનભર ફ્રી ફોલોઅપ આપવામાં આવે છે, જેનાથી દર્દીઓમાં વજન ઘટાડવાના સારા રિઝલ્ટ જોવા મળે છે તેમજ દર્દીના આ રિઝલ્ટને લાંબાગાળા સુધી જાળવી રાખવામાં બહુ જ મદદ મળે છે. નોબેસિટીમાં બેરિયાટ્રિક સર્જરી કરાવેલ દર્દી સાથે તેઓ દર મહિનાના છેલ્લા રવિવારે સપોર્ટ ગ્રૂપ એક્ટિવિટી કરે છે. છેલ્લા દસ વર્ષથી એક્ટિવિટીનું આયોજન કરીને આ ભારતનું સૌથી લાંબા સમય સુધી સતત ચાલતું સપોર્ટ ગ્રુપ છે જે દર્દીના વજન ઘટાડવાના ધ્યેયને વર્ષો સુધી ટકાવી રાખવામાં મદદ કરે છે. ઉપરાંત, એક સારા શિક્ષક તરીકે ડૉ.ખૈતાનની છાપ થકી 100થી વધુ નેશનલ અને ઈન્ટરનેશનલ સર્જને તેમના માર્ગદર્શન હેઠળ બેરિયાટ્રિક સર્જરીની ટ્રેનિંગ લીધેલ છે, જેઓ આ ક્ષેત્રે દુનિયાના વિવિધ ખૂણે કાર્યરત છે. ડો.મનીષ ખૈતાનની આ સંપૂર્ણ યાત્રામાં મેદસ્વી લોકોના જીવનમાં પરિવર્તન લાવવાની તેમની અતૂટ પ્રતિબદ્ધતા અને આ રોગની સચોટ સારવાર પ્રત્યે તેમના નવીન અભિગમોના પ્રભાવે મેદસ્વિતાની સારવાર માટે નોબેસિટી બેરિયાટ્રિક સર્જરી સેન્ટરને સૌથી વિશ્વસનીય સંસ્થાઓમાંની એક તરીકે પ્રસ્થાપિત કરેલ છે.

આગવા સાહસ બળથી દેશભરમાં પોતાની પ્રતિષ્ઠા ઊભી કરી

## આર્ટ ઓફ લિવિંગના પૂર્વ ટ્રસ્ટી તથા વિશાળ ઔદ્યોગિક સામ્રાજયના સ્થાપક પ્રકાશ શાહ

ગુજરાતના અગ્રણી ઉદ્યોગસાહસિક પ્રકાશ હેમેન્દ્રભાઈ શાહે વર્ષ 1975માં પી.પી.આઈ. કંપનીની સ્થાપના કરીને કારકિર્દીની શરૂઆત કરી. વર્ષ 1966 સુધીમાં મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમા પૂર્ણ કર્યા પછી, તેઓ તેમના પિતા દ્વારા સ્ટેપલ પિન, ખીલીઓ વગેરે વિવિધ ઉત્પાદન માટે સ્થાપવામાં આવેલા પારિવારિક વ્યવસાયમાં જોડાયા પરંતુ કંઈક પોતાનું સાહસ કરવાની ઈચ્છા ધરાવતા પ્રકાશ શાહ આજે ગુજરાતમાં અગ્રણી ઉદ્યોગસાહસિક છે. કારકિર્દીની શરૂઆતમાં અનેક પડાવ પાર કરીને તેમજ પત્ની સુરેખાબેનની બચત રૂ. 18 હજારની મૂડીથી શરૂ કરેલ સાહસ આજે રૂ. 670 કરોડના ઔદ્યોગિક સામ્રાજ્ય સુધી પહોંચી પ્રકાશ શાહ એક સફળ બિઝનેસમેન બન્યા. વર્ષ 1975માં પ્રથમ સ્થાપેલ કંપની પી.પી.આઈ. આજે 45 દેશોમાં ઈન્ડસ્ટ્રીયલ વેક્યુમ પંપની નિકાસ કરે છે. વર્ષ 1980થી જર્મની, સ્પેઈન, ઈટલી તથા અમેરિકાની કંપનીઓના કોલાબ્રેશનમાં શરૂ કરેલ ટેક્સટાઈલ મશીનરી બનાવનાર પ્રશાંત ગ્રુપ આજે ચીન સહિત 51 દેશોમાં તેમની પ્રોડક્સ નિકાસ કરે છે. તેમજ વર્ષ 1994થી જર્મની, ઈટલી, ફ્રાન્સ અને સ્વિડનના કોલાબ્રેશનમાં શરૂ કરેલ પ્રસાદ ગ્રુપ આજે ભારતમાં ટોચની કંપનીઓમાં અગ્રગણ્ય સ્થાને છે. પ્રકાશભાઈ આજે 80 વર્ષની ઉંમરે પણ તેમણે પ્રથમ સ્થાપેલ પી.પી.આઈ. કંપની સંભાળી રહેલ છે અને તેના વિકાસ માટે સતત કાર્યરત છે. હવે પ્રશાંત ગ્રુપની ટેક્સટાઈલ મશીનરી બનાવતી કંપનીઓ તેમની તેમના પુત્રી તથા જમાઈ, અમોલીબેન અને અપૂર્વભાઈ સંભાળી રહ્યા છે. પ્રકાશભાઈના પુત્ર તેમજ પુત્રવધૂ, ધ્રુવભાઈ અને રોશનીબેન; પ્લાસ્ટિક મશીનરી બનાવતી અગ્રણીય કંપની પ્રસાદ ગ્રૂપનું સંચાલન કરી રહ્યાં છે.

"પોતાની પ્રોડક્ટ રેન્જમાં, વિશ્વની સર્વશ્રેષ્ઠ કંપની બને, એવું અમારું વિઝન છે. - **અમોલી શાહ,** ડિરેક્ટર - પ્રશાંત ગ્રૂપ

"બિઝનેસમાં કે જીવનમાં, એથિક્સ અને વેલ્યૂ સૌથી મહત્વના હોય છે, તેમાં કોઈ ચૂક ન રહેવી જોઈએ. અમારું વિઝન પ્રસાદ ગ્રૂપને પ્લાસ્ટિકના આનુસંગિક સાધનો માટે વૈશ્વિક ઉત્પાદન હબ બનાવવાનું છે. - **ધ્રુવ શાહ,** મેનેજીંગ ડિરેક્ટર - પ્રસાદ ગ્રૂપ




■ **પ્રકાશભાઈ શાહ**
ફાઉન્ડર અને ચેરમેન – પ્રશાંત ગ્રૂપ, પ્રસાદ ગ્રૂપ, પી.પી.આઈ.

**પી.પી.આઈ., પ્રસાદ - પ્રશાંત ગ્રૂપ ભારતની તેમની લાઈનની ટોપ 6 કંપનીઓમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. નવી બનાવેલી પીપીઆઈને ગ્રીન બિલ્ડિંગ તરીકે માન્યતા મળેલ છે.**

## ડૉ. નાગેશ ભંડારીએ વિશ્વમાં સ્પાઇન સર્જરીના નિષ્ણાત તરીકે નામના મેળવી

**સર્જરી માટે જરૂરી 'કેજ' નામક સાધન જે ભારતમાં ઉપલબ્ધ ન હતું, તે ભારતમાં જ ઉત્પાદન કરાવ્યું. વિદેશમાં જે સર્જરીનો ખર્ચ રૂ.50 થી 60 લાખ થતો હતો, તે સર્જરી ભારતમાં માત્ર 30 હજારથી 2 લાખ સુધીમાં થવા લાગી.**



■ **ડૉ. નાગેશ ભંડારી**
પ્રેસિડેન્શિયલ સેક્રેટરિએટ, ઈન્ડસ યુનિવર્સિટી

ઈન્દોરમાં જન્મેલા ડો. નાગેશ ભંડારીએ અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવી અને આજે વિશ્વમાં સ્પાઇન સર્જરીના નિષ્ણાત તરીકે નામના મેળવી છે. પહેલાં, સ્પાઇન અને સ્પાઇન કોડની સમસ્યા ધરાવતા લોકોને એક-દોઢ વર્ષ સુધી પથારીવશ રહેવું પડતું હતું. જર્મની માં સ્પાઇન સર્જરી શીખ્યા બાદ, ડો. ભંડારીએ અમદાવાદના મણિનગરમાં પ્રથમ હોસ્પિટલ શરૂ કરી. અહીં નવી ટેક્નિકથી સર્જરી થતી, જેના કારણે લોકોને થોડા જ દિવસોમાં રજા મળી જતી અને સર્જરી પણ ખૂબ જ સચોટ હતી. આ સર્જરી માટે જરૂરી 'કેજ' નામક સાધન જે ભારતમાં ઉપલબ્ધ ન હતું, તે ડો. ભંડારીએ ભારતમાં જ ઉત્પાદન કરાવ્યું. વિદેશમાં જે સર્જરીના ખર્ચા રૂ. 50 થી 60 લાખ સુધી જતા હતા, તે સર્જરી ભારતમાં માત્ર 30 હજાર થી 2 લાખ સુધી થવા લાગી. આ ક્રાંતિ માટે ડો. નાગેશ ભંડારીનું મહત્વપૂર્ણ યોગદાન છે. આજદીન સુધીમાં તેમણે હજારો સ્પાઇન સર્જરીઓ સફળતાપૂર્વક કરી છે . અમદાવાદમાં સ્થાયી થયા બાદ, 1994 માંથી એમની એવિએશન ની સફર શરૂ થઇ અને આ દરમ્યાન તેમને નાના મોટા વિમાનો જેવા કે બોઈંગ 737-200, લિયર જેટ, સેસના , સુખોઈ , ઝેનિથ એરક્રાફ્ટ અને ચેતક હેલિકોપ્ટર વિદ્યાર્થીઓ ની પ્રેક્ટિકલ તાલીમ માટે મગાવ્યા જેના દ્વારા 600 થી વધુ પાયલોટ પ્રશિક્ષિત થયા ત્યારબાદ 2004 માં તેઓએ WIIA શરૂ કરી , જેમાં થી કુલ 700 થી વધારે AMEs બનેલા છે, જેમાં થી 100 થી વધુ મહિલા મેન્ટેનન્સ ઈજનેરો બનેલા છે, હાલમાં જે જાણીતાં એરલાઈન્સ અને ખાનગી કંપનીઓમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત છે. 2015 માં, ડૉ. નાગેશે ઈન્ડસ યુનિવર્સિટી ખાતે ઈન્ડિક કૈસ્ટડીઝ સેન્ટરની સ્થાપનામાં આગેવાની લીધી. એકેડેમી અને ઉદ્યોગ વચ્ચેની ખાઈ પૂરવા અને વિદ્યાર્થીઓને પોતાની સંસ્કૃતિ અને પરંપરાથી વાકેફ કરવાના ઉદ્દેશ્યથી 2006 માં ઈન્ડસ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના થઇ, જે આજે વિકાસ કરીને ઈન્ડસ યુનિવર્સિટી બની છે. આજે, ઈન્ડસ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ , ડિઝાઈન , કમ્પ્યુટર સાયન્સ , કાયદો, આર્કિટેક્ચર, ફાર્મસી, સહિત 135 થી વધુ કોર્સમાં દેશભરના 7000થી વધુ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યાં છે.